# પ્રાંતિજ ખાતે સુજલામ્-સુફલામ્ જળ અભિયાન સમાપન સમારોહ યોજાયો



પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે સુજલામ્-સુફલામ્ જળ અભિયાન ૨૦૧૮ સમાપન સમારોહ યોજાયો હતો જેમાં ભાખરીયા તળાવ ખાતે કશળ પૂજા તથા નર્મદા જળપૂજન વિધિ સહિતના કાર્યક્રમો યોજાયા.

પ્રાંતિજ ખાતે રાજય સરકારે ૧લી મે થી ૩૧ મી મે દરમિયાન સુજલામ્- સુફલામ્ જળ અભિયાન દ્વારા ગુજરાત સહિત જિલ્લાઓમાં જળસંચય માટે ઝુંબેશ હાથ ધરાઈ છે ત્યારે સાબરકાંઠામાં પણ જિલ્લા સહિત તાલુકાઓમાં જળસંચય માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં સ્વૈચ્છિક સંસ્થાઓ, સહકારી અને શૈક્ષણિક સંસ્થાઓ, ઉધોગ ગૃહો, રાજય સરકાર સહિયોગથી જીલ્લામાં આવેલ વિવિધ તળાવો ઉંડા કરવા સફાઈ જેવું પ્રવૃત્તિઓ હાથ ધરવામા આવી હતી. આજે પ્રાંતિજ ખાતે જિલ્લાનો સમાપન સમારોહ રાખવામાં આવ્યો હતો જેમાં ભાખરીયા તળાવ ખાતે કળશ પૂજા, નર્મદા જળ પૂંજા સહિતના કાર્યક્રમો યોજાયા હતાં.

શેઠ.પી.એન્ડર હાઈસ્કુલના વિશાળ મેદાનમા સમાપન સમારોહ યોજવામાં આવ્યો હતો જેમાં મંત્રી હરિભાઈ ચૌધરી, સાસંદ દિપસિહ રાઠોડ, પ્રાંતિજ-તલોદ ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ ગીતાબેન, જિલ્લા કલેકટર, ઈડર-હિંમતનગરના ધારાસભ્યો સહિત ભાજપ આગેવાનો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમ દરમ્યાન સભા મંડપમાં ખુરશીઓ ખાલી જોવાં મળી હતી. આવેલ મહેમાનો દ્વારા ટાઈમના અભાવે વૃક્ષારોપણ કાર્યક્રમ પણ થઈ શક્યો નહતો. જળસંચય કામગીરીના દાંતાઓનુ અને સારી કામગીરી કરનારાઓનુ કાર્યક્રમ દરમ્યાન શાલ ઓઢાડીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ખોરજ ગામમાં જુગારના બે અડ્ડાઓ પર પોલીસના દરોડા

## બંને અડ્ડા ઉપર દરોડા પાડી પોલીસે રૂ. ૯૦૦૦ના મુદ્દામાલ સાથે ૧૩ શકુનીઓને ધરપકડ કરી

ગાંધીનગર, તા.૧

અડાલજ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ ગઈ કાલે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ખોરજ ગામમાં જુગારના અડ્ડા જામી ગયા હોવાની બાતમી મળતાં ખોરજ ગામમાં દરોડા પાડયા હતા. ગામમાંથી બે જુગારના અડ્ડા ઉપર દરોડા પાડી અડાલજ પોલીસે નવ હજારના મુદ્દામાલ સાથે ૧૩ શકુનીઓને ધરપકડ કરી લીધી છે. તમામ ૧૩ જુગારીઓની ધરપકડ કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

અડાલજ પીઆઈ જે.જી વાઘેલાની સૂચનાથી તેમની સર્વેલન્સ ટીમના પી.એસ.આઈ તથા તેમની ટીમ અડાલજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી દરમિયાન બાતમી મળી હતી કે ખોરજ ગામમાં જુગારના અડ્ડા શરૂ થઈ ગયા છે. આ બાતમીના આધારે સર્વેલન્સ ટીમે ખોરજ ગામમાં દરોડા પાડયા હતા. ખોરજ ગામના હુડકો વિસ્તારના ખુલ્લી જગ્યા પર ઝાડ નીચે ખુલ્લેઆમ જુગાર રમી રહેલા ૬ શકુનીઓને પકડી પાડવામાં આવ્યા હતા. ખોરજ ગામના તમામ રહેવાસી ડાહ્યા ખેમા સલાટ, મોહન ચુની સોલંકી, બાબુ શના ઠાકોર, ભાવસંગ ગાભા ઠાકોર, અશોક બાદર ઠાકોર અને દશરથ ભીખા ઠાકોર મળી ૬ શકુનીઓની રૂપિયા ૮૦૧૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લેવામાં આવી હતી. બીજી તરફ ખોરજ ગામમાં જ બીજે દરોડો પાડી ૭ શકુનીઓને પકડી પાડવામાં આવ્યા હતા.

ખોરજગામના યાસીન રસુમીયા મલેક, ગણેશ કિશનભાઈ રાઠોડ, પન્નાભાઈ ડાહ્યાભાઈ સલાટ, કિશનભાઈ ડાહ્યાભાઈ સલાટ, મોહનભાઈ કરશનભાઈ સલાટ, લાલાભાઈ ભીખુશા ફકીર અને ગફુરશા દાઉદશા ફકીર મળી ૭ ની રોકડ રૂપિયા ૧૦૧૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લેવામાં આવી હતી.

# મોડાસા ડિવિઝનમાં ૪૦૦થી વધુ જોડાણો ડીપી નહીં મળતાં પેન્ડિંગ

## કૃષિ વીજ જોડાણો નહિ મળતાં જિલ્લાના જુદા જુદા ડિવિઝન અને સબ ડિવિઝન હેઠળના સેંકડો ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે

મોડાસા, તા. ૧

જોતજોતામાં સામે ચોમાસુ આવીને ઉભું છે છતાં અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૬ માસથી એસ્ટીમન્ટના નાણાં ભરી દીધા હોવા છતાં અને તેના ટેસ્ટ રિપોર્ટ આપી દીધા હોવા છતાં માત્ર ટ્રાન્સફરમર નહિ હોવાથી કૃષિ વીજ જોડાણો નહિ મળતાં જિલ્લાના જુદા જુદા ડિવિઝન અને સબ ડિવિઝન હેઠળના સેંકડો ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે. આગામી ચોમાસુના આગોતરા વાવેતર માટે ખેતરો, બિયારણો તૈયાર કરીને બેઠા છે પણ ટ્રાન્સફરમર આવતા નહિ હોવાથી કૃષિ વીજ જોડાણો મળતા નથી ખેડૂતો પોતાના ખેતી જોડાણો માટે જે તે વીજ કચેરીએ ધક્કા ખાઈ રહ્યા છે ત્યારે તેમને મળતા જવાબ મુજબ એકલા મોડાસા વીજ ડિવિઝનમાં ૪૦૦થી વધુ ટ્રાન્સફરમરની જરૂર છે જ્યારે આ સબડીવીઝનમાં ૧૦૦ જેટલા ટ્રાન્સફરમરની જરૂર છે. જ્યારે જિલ્લામાં બીજા એક ડિવિઝનને મોડાસા ડિવિઝન મળી એના તાબામાં આવતા તમામ સબ ડિવિઝનોમાં પણ ટ્રાન્સફરમર નથી. બધું જ તૈયાર હોવા છતાં જાણે ટ્રાન્સફરમરનો દુકાળ પડ્યો હોય એમ મોટાભાગના કિસ્સાઓમાં છ છ માસથી એસ્ટીમેન્ટ ભરીને કાગડોળે રાહ જોઈ રહેલા ખેડૂતોને કૃષિ વીજ જોડાણો નહિ મળતા આજે ખેડૂતોએ મોડાસા એપીએમસીના ચેરમેન શામળભાઈ પટેલ સમક્ષ ધા નાખી હતી.

આ ખેડૂતોએ એપીએમસી ચેરમેન સમક્ષ કરેલી રજુઆત મુજબ છ મહિનાથી એસ્ટીમેન્ટ ભરીને ઈલે. મોટરો વસાવીને તેના ફિટિંગ્સ કરી ટેસ્ટ રિપોર્ટ પણ ખેડૂતોએ જે તે કચેરીએ આપીને બેઠા છે અને જોડાણોની રાહ જોઈ રહ્યા છે. ચોમાસુ ઢુંકડું છે તેથી આગોતરા વાવેતરની તૈયારી થાય તે માટે જોડાણ આજે મળે. કાલે મળે તેવી આશાઓએ સઘળા ખેતી આયોજનો પણ કરી દીધા છે ત્યારે છેક નવેમ્બર-૨૦૧૭માં ભરેલ છ માસ અગાઉના જોડાણો પણ માત્રને માત્ર ટ્રાન્સફરમરને અભાવે ખેડૂતોને મળતા ન હોઈ ઉર્જા વિભાગ અને રાજ્ય સરકારે આ બાબતને ગંભીરતાપૂર્વક લઈ ચોમાસુ નજીક હોઈ વહેલી તકે ટ્રાન્સફરમર જરૂરી સંખ્યામાં ઉપલબ્ધ કરાવે તેવી માંગ ઉઠાવી છે.

આ ઉપરાંત જો હજુ પણ ટ્રાન્સફરમર ચોમાસુ બેસે એ અગાઉ નહિ આવે અને યુદ્ધના ધોરણે જે તે કોન્ટ્રાકટરો દ્વારા બેસાડી નહિ અપાય તો ચોમાસામાં ખેતરોમાં વાવેતર થયા પછી ખેતર ખુંદીને ટ્રાન્સફરમર બેસાડવામાં અનેક તકલીફો આવી શકે તેમ હોઈ આ બાબતે લાગતાવળતા ઉચ્ચ સત્તાવાળાઓ ઘટતું કરે તે સમયની માંગ છે.

# વિકાસ રૂંધાયો : અરજદારોને ધરમધક્કા ખાવાનો વારો

ભિલોડા,તા. ૧

અરવલ્લી જીલ્લાનો સૌથી મોટો વિસ્તાર અને સૌથી વધુ વસ્તી ધરાવતો અંતરીયાળ ડુંગરાળ વિસ્તારના ભિલોડા ટ્રાઈબલ તાલુકા મથક ખાતે ભિલોડા મામલતદાર કચેરીમાં મામલતદારની જગ્યા છેલ્લા ચાર મહિનાથી ખાલી છે. ભિલોડા તાલુકા પંચાયત કચેરીમાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યા ખાલી છે ત્યારે વિકાસ રૂંધાયો છે. અરજદારોને ધરમધક્કા ખાવાનો વારો આવ્યો છે. તાલુકા કક્ષાની મહત્વની બે જગ્યાઓ ખાલી હોવાના કારણે રોજીંદી વહીવટી કામગીરી અટવાઈ છે.

**ભિલોડા મામલતદાર અને ભિલોડા તાલુકા વિકાસ અધિકારીની મહત્વની બે જગ્યાઓ ખાલી**

ભિલોડા તાલુકાના જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ ભિલોડા મામલતદાર કચેરીમાં મામલતદાર તરીકે ફરજ બજાવતા જયશ્રીબેન શાહ તા.૩૧/૧/૨૦૧૮ ના રોજ નિવૃત થયા બાદ આજે ચાર મહિના વીતી ગયા હોવા છતાં મામલતદારની જગ્યા ખાલી છે. મેઘરજ મામલતદારને ઈન્ચાર્જ મામલતદાર તરીકેનો મામલતદાર ભિલોડાનો ચાર્જ સોપાયો છે.ભિલોડા મામલતદાર કચેરીમાં મામલતદારની જગ્યા ખાલી હોવાના કારણે જમીનના કેસો,તકરારી નોંધોના કેસો, રોજીંદી વહીવટી કામગીરીમાં ભારે અડચણો ઉભી થઈ છે. એક તરફ નવિન શૈક્ષણિક સત્રનો શુભારંભ થઈ રહ્યો છે. આવક, જાતિ, ક્રિમીલીયરના દાખલા મેળવવા વિદ્યાર્થીઓને ધરમધક્કા ખાવાનો વારો આવ્યો છે. ભિલોડા તાલુકાના ટ્રાઈબલ વિસ્તારના હજ્જારો જવાનો સરહદ ઉપર માં ભોમની રક્ષા કાજે ફરજ બજાવી રહ્યા છે. ડોમેસાઈલ સર્ટી (નોકરી માટે) મેળવવા આર્મી, બી.એસ.એફ., સી.આર.પી.એફ. માં ફરજ બજાવતા સૈનિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.ભિલોડા તાલુકામાં ખાણ, ખનીજની ચોરીઓનું પ્રમાણ દિન-પ્રતિ-દિન વધતું જાય છે. ભિલોડા મામલતદાર કચેરીમાં ભિલોડા, શામળાજી, ટાકાટુકાના ત્રણ સર્કલ ઓફીસરોની જગ્યાઓ ખાલી છે. નાયબ મામલતદાર પુરવઠા વિભાગ, નાયબ મામલતદાર મધ્યાહન ભોજન યોજના વહીવટદાર, નાયબ મામલતદાર સુપરવિઝન સહિત વિવિધ મહત્વની જગ્યાઓ ખાલી હોવાના કારણે મામલતદાર કચેરીમાં દિન-પ્રતિ-દિન ભ્રષ્ટાચારનું પ્રમાણ વધતું જાય છે.

ભિલોડા તાલુકા પંચાયત કચેરીમાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યા ખાલી હોવાના કારણે અરજદારોને ભારે મુશ્કેલી સહન કરવાનો વારો આવ્યો છે. ભિલોડા તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા કે. કે. ચૌધરીની બદલી ઈડર તાલુકા વિકાસ અધિકારી તરીકે કરાતાં ભિલોડા તાલુકા વિકાસ અધિકારી તરીકે મોડાસા તાલુકા વિકાસ અધિકારી ગોપાલભાઈ પટેલને ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારીનો ચાર્જ અપાયો છે પરંતુ તાલુકા વિકાસ અધિકારી અનુકુળતા મુજબ આવતા હોવાના કારણે અરજદારોને ધરમધક્કા ખાવાનો વારો આવ્યો છે.ભિલોડા તાલુકા પંચાયત કચેરીમાં વિવિધ શાખાઓમાં અધિકારીઓની ઘટ છે.

# હિંમતનગરના રહીશને બદનામ કરવા ફેસબુકનો ઉપયોગ કરતા એક વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૧

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં રહેતા એક ઈસમને દોઢએક માસ અગાઉ બદનામ કરવાના આશયથી આ ઈસમના ફેશબુક એકાઉન્ટ પર બિભત્સ મેસેજ મોકલી તેમની ગરીમાને નુકશાન પહોંચાડતા હિંમતનગર તાલુકાના ગઢા ગામના એક શખ્સ વિરૂદ્ધ બુધવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે મોતીપુરા વિસ્તારમાં કામ કરતા અને મહેસાણા જિલ્લાના હીરપુરા ગામના ભાવેશકુમાર રમેશભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં કરેલ આક્ષેપ મુજબ ગત તા. ૧૫ માર્ચ ૨૦૧૮ના રોજ હિંમતનગર તાલુકાના ગઢા ગામના મુકેશકુમાર અશોકકુમાર ઝાલા દ્વારા ભાવેશકુમારને બદનામ કરવાના આશયથી તેમના ફેશબુક એકાઉન્ટમાં બિભત્સ મેસેજો મોકલી તેમની ગરીમાને નુકશાન પહોંચાડવાનો હીન પ્રયાસ મુકેશકુમાર દ્વારા કરવામાં આવતો હતો જેથી કંટાળીને ભાવેશકુમારે મુકેશકુમાર ઝાલા વિરૂદ્ધ બુધવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. ઉપરાંત ભાવેશકુમાર પટેલે ગઢાના મુકેશકુમાર ઝાવા વિરૂદ્ધ નોંધાવેલી અન્ય એક ફરીયાદમાં જણાવ્યા મુજબ મુકેશકુમાર ઉજજીવન સ્મોલ ફાયનાન્સની બ્રાન્ચમાં નોકરી કરતા હતા ત્યારે સભ્યો પાસેથી કરેલી રીકવરીના અંદાજે રૂ. ૫૬,૭૪૨ બ્રાન્ચમાં જમા નહી કરાવી છેતરપીંડી કરી હતી તથા આ રીકવરીની રકમ પોતાના અંગત કામમાં વાપરી નાખી હતી જેથી તેમની વિરૂદ્ધ ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

# ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીની માળખાકીય સુવિધાઓ વધારવા રૂ. ૨૦ કરોડનું ખાસ અનુદાન

ગાંધીનગર, તા.૧

ગુજરાત સરકારના ગૃહ વિભાગ હસ્તક કાર્યરત વિશ્વની એક માત્ર ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગરની વર્તમાન શૈક્ષણિક ગુણવત્તા, ઉચ્ચ સ્તરીય સંશોધન અને પરામર્શ સેવાઓને ધ્યાનમાં લઈ ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા રૂ. ૨૦ કરોડનું વિશેષ અનુદાન આપવામાં આવ્યું છે. આ નિર્ણય ભારત સરકારની રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન યોજના અંતર્ગત ૧૨મી પ્રોજેકટ એપ્રુવલ બોર્ડની મીટીંગમાં લેવામાં આવ્યો છે. આ પ્રકારનું અનુદાન મેળવનાર જી.એફ.એસ.યુ. રાજયની એક માત્ર યુનિવર્સિટી છે. આ અનુદાન હેઠળ ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી ખાતે અતિ આધુનિક સેન્ટ્રલ લાઈબ્રેરી, કોમ્પ્યુટર લેબોરેટરીઝ તેમજ ટ્રેનીંગ, રીસર્ચ અને કન્સલ્ટન્સીને લગતી વિવિધ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. ભારત સરકારની રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન યોજના અંતર્ગત માળખાગત સુવિધાના વિકાસ કરવા માટે આ અનુદાન ફાળવવામાં આવ્યું છે. આ યુનિવર્સિટીએ વિવિધ પ્રકારના વિશિષ્ટ અભયાસક્રમો ચલાવવા ઉપરાંત તાલીમ, રિસર્ચ તથા કન્સલ્ટન્સી ક્ષેત્રમાં ખૂબ જ મહત્વની અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રસિધ્ધ એવી નોંધપાત્ર કામગીરી બજાવી છે.

# અડાલજ પાસેથી દેશી દારૂની હેરાફેરી કરતી ઈકો ગાડી પકડાઈ

## ગાડીમાંથી ૨૦ કોથળા ભરીને ૩૫૦ લીટર દારૂ મળી આવ્યો : દોઢ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ

ગાંધીનગર, તા.૧

અડાલજ પોલીસ ગઈકાલે નાઈટ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે અડાલજ માણેકબા શાળા પાસેથી ઈકો ગાડી દારૂ ભરીને જઈ રહી છે. આ બાતમી આધારે સ્થળ પર વોચ ગોઠવી અડાલજ પોલીસે દેશી દારૂની હેરાફેરી કરતા એક શખ્સને દબોચી લીધો હતો. અડાલજ પોલીસે ૨૦ કોથળા ભરીને ૩૫૦ લિટર દેશી દારૂનો જથ્થો પકડી પાડીને એક શખસની ધરપકડ કરી લીધી છે. અડાલજ પીઆઈ જે.જી વાઘેલાની સૂચનાથી ટીમ નાઈટ પેટ્રોલિંગમાં હતી ત્યારે પી.એસ.આઈ કે.જી ગોસ્વામીને બાતમી મળી હતી કે જીજે ૦૧ ડીવી ૯૩૧૮ નંબરની ઈકો ગાડીમાં દેશી દારૂનો જથ્થો લઈ જવાઈ રહ્યો છે. જે આધારે માણેકબા શાળા પાસે વોચ ગોઠવી અડાલજ પોલીસની ટીમે દેશી દારૂની હેરાફેરી કરતા એક શખ્સને પકડી પાડયો હતો. અમદાવાદ રહેતા અને મૂળ ગોલથરા કલોલના આ શખસ મનોજ જીણા મહેરીયાને પકડીને અડાલજ પોલીસે ઈકો ગાડીમાં તપાસ કરતા અંદરથી દેશી દારૂનો જ મોટો જથ્થો મળી આવ્યો હતો. ગાડીમાં ૨૦ નંગ કંતાનના કોથળા ભરેલા હતા. કોથળા તપાસતા અંદરથી ૩૫૦ લિટર દેશી દારૂનો મસમોટો જથ્થો મળી આવ્યો હતો. અડાલજ પોલીસે મનોજ મહેરીયા નામના વ્યકિતની ધરપકડ કરી દોઢ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી તેની ઊંડી પુછપરછ શરૂ કરી છે.

**કંપની સમાચાર**

# અમદાવાદમાં કેન્સર સામે જંગ જીતેલા લોકોને કીમોથેરેપી પછી સામાન્ય જીવવા માટે ફર્ટિલિટી પ્રિઝર્વેશન ટેકનિકે મદદ કરી

૨૭ વર્ષની જાન્વી (નામ બદલવામાં આવ્યું છે)ના ત્રણ મહિના અગાઉ લગ્ન થયાં હતા. તેને રોગપ્રતિકારક ક્ષમતાને અસર કરતાં એક પ્રકારનાં કેન્સર નોન-હોજકિન્સ લિમ્ફોમા (એનએચએલ) હોવાનું નિદાન થયું હતું. આ એક પ્રકારનું કેન્સર છે, જે શરીરની રોગપ્રતિકારક ક્ષમતાને પ્રભાવિત કરે છે. નવદંપતિ જાન્વી અને તેનાં પતિ રાજેશ માટે પોતાનો પરિવાર શરૂ કરવો એમની યોજનામાં સામેલ હતું. એટલે જાન્વી કીમોથેરેપી અને રેડિયોથેરેપી લેવાની શરૂઆત કરે એ અગાઉ તેને તેના સ્ત્રીબીજ ફ્રીઝ કરવાની સલાહ આપવામાં આવી હતી. જાન્વીનાં એગ અને રાજેશનાં સ્પર્મનો ઉપયોગ કરીને છ ભ્રુણ બનાવવામાં આવ્યાં હતા અને કેન્સરની સારવાર પછી ઉપયોગ કરવા માટે ક્રાયોપ્રીઝર્વ એટલે કે ફ્રીઝ કરીને ગર્ભધારણ કરવા માટે સુરક્ષિત રાખવામાં આવ્યાં હતાં.

ભારતમાં કેન્સરનાં દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ૪૦ વર્ષથી ઓછી વય ધરાવતાં મોટી સંખ્યામાં પુરુષો અને સ્ત્રીઓ વિવિધ પ્રકારનાં કેન્સરનાં ભોગ બની રહ્યા છે. આ કારણે તેમની પ્રજનન ક્ષમતાને મોટી અસર થાય છે, જેની મોટા ભાગે જાણ જ થતી નથી. અત્યારે કેન્સરની સારવારમાં જીવન બચાવવામાં સફળ રહેલા એવા યુવાનો અને યુવતીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે, જેઓ ગુણવત્તાયુક્ત જીવનની સમસ્યાનો સામનો કરે છે, જેમાં કેન્સરની સારવાર પછી બાળક ન થવાની સમસ્યા વધારે વિકટ છે. આ પ્રકારનાં સ્થિતિ સંજોગોમાં ઓન્કો-ફર્ટિલિટી અથવા ફર્ટિલિટી પ્રિઝર્વેશન વહારે આવે છે. ફર્ટિલિટી પ્રિઝર્વેશન વ્યક્તિની ગર્ભધારણ કરવાની ક્ષમતા કે પ્રજનન ક્ષમતા જાળવવામાં મદદ કરે છે.

નોવા આઈવીઆઈ ફર્ટિલિટીનાં ડાયરેક્ટર ડૉ. મનિષ બેંકરે કહ્યું હતું કે, 'ભારતમાં હજારો લોકો કેન્સર સામે સંઘર્ષ કરતી હોવાથી કેન્સર પછીનાં જીવનની ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

## રહસ્યમય મૃત્યુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરવારીને થોડી વાર રહી રાત્રે પથારી કરી પરિવારના ચારેય સભ્યો સુવા ભેગા થઈ ગયા હતા. મોડી રાત્રે અચાનક શાક-રોટલા ખાનાર ત્રણેય સભ્યોને વિચિત્ર અસર થવા લાગી હતી. પત્નિના મોમાંથી તો ફીણ નીકળવા લાગ્યુ હતુ. તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા જેમાં રાધાબેન ઠાકોરનું રાત્રે સાડા ત્રણ આસપાસ જ્યારે તેમના પતિ મુળાજી ઠાકોરનું સાડા પાંચ આસપાસ પ્રમાણપંખેરૂ ઉડી જવા પામ્યું હતું. પતિ-પત્નિ બંનેનુ કમકમાટીભર્યુ રહસ્યમય મૃત્યુ થઈ ચુક્યુ હતુ. જ્યારે પુત્ર મોહન આઈસીયુ વોર્ડમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. રાત્રે અચાનક શુ થઈ ગયુ ? પરીવાર આખુ વેર-વિખેર થઈ ગયુ..!

ઘટના અંગે ઈન્ફોસીટી પોલીસને જાણ થતા પીએસઆઈ મીના પટેલ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને બંને મૃતદેહો પીએમ કરાવતા પ્રાથમિક રીપોર્ટમાં જાણવા મળ્યુ કે તેમના ખોરાકમાં ઝેર ભેળવવામાં આવેલુ હતુ. ઈન્ફોસીટી પોલીસે પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટનાની ઝીણવટભરી તપાસ માટે એફએસએલની ટીમ બોલાવી લીધી હતી. પોલીસે પુત્રી તથા હોસ્પિટલમાં દાખલ પુત્રના નિવેદન લઈ ઘટનાના મુળ સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે પરંતુ શાકમાં ઝેર નાંખી આખા પરીવારને મોતને ઘાટ ઉતારવાનો તખ્તો કોણે ઘડી નાંખ્યો હતો તે હજુ સુધી બહાર આવી શક્યુ નથી. પુત્રીના નિવેદન મુજબ તેણીના માતા-પિતા વચ્ચે બે-ત્રણ દિવસ પહેલા જ ઝઘડો થયો હતો અને બંને વચ્ચે અબોલા હતા. તો બીજી તરફ જો પત્નિ રાધાબેને જો ઝેર ભેળવ્યુ હોય તો પોતે આ શાક ખાધુ હોય તે બાબતે પણ શંકા ઉપજાવે છે. પોલીસે આ રહસ્યમય મોતના ખેલની ઘટના અંગે ઊંડાણપૂર્વક તપાસ આરંભી છે.

## મુક્તિધામનું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પશુધન માટે ઢોરવાડામાં ઘાસચારો, પાણી તેમજ સ્વચ્છતા જાળવણી અંગેની વ્યવસ્થા કરવાની સૂચના આપતાં આજની બેઠકમાં ઢોર પકડવા માટે અલાયદી એજન્સી નિયત કરવા માટે ટેન્ડરીંગ કરવાની સૂચના કમિશ્નરને આપવામાં આવી હતી.

આ બેઠકમાં વરસાદની આવી રહેલી સિઝનને લઈ શહેરમાં પાણી ભરાઈ ના જાય તે રીતે કાર્યવાહી કરવા તેમજ શહેરમાં પાણીજન્ય કે વાહકજન્ય રોગચાળો ઉભો ના થાય તે જોવા આરોગ્ય તંત્રને પણ સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી હતી.

આ ઉપરાંત શહેરમાં આવેલા વિવિધ બગીચાઓ જે મનપા હસ્તક છે ત્યાં મરામત અને નિભાવણી તેમજ સિક્યોરીટી ગાર્ડઝ મુકવા સહિતની કામગીરી પણ ઝડપથી કરવામાં આવે તે જોવા અધિકારીઓને તાકીદ કરી હતી.

આ બેઠકમાં મનપાની વિવિધ શાખાઓની કામગીરી અંગે પણ ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે. બેઠક બાદ સફાઈ કામદારોના કિસ્સામાં રહેમરાહે નોકરી આપવાના નિર્ણયને પગલે ચાર કર્મચારીઓને ઓર્ડર આપી નિમણુંક આપવામાં આવી હતી.

## સમસ્યા હલ થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગાઉ તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં પાણીના નવા બોર બનાવવામાં આવ્યા હતા. જયારે હાલ શહેરી વિસ્તારના ગામોમાં પાણીની ટાંકી તેમજ સંપ બનાવવાનુ કામ ચાલી રહયુ છે. શહેરી વિસ્તારના પાલજ , બોરીજ , બાસણ ગામમાં હાલ ટાંકી તેમજ સંપ બનાવવાનુ કામ પ્રગતિ હેઠળ છે. આ કામગીરી પાછળ રૂ ૩.૫૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જો કે ગ્રામ્ય વિસ્તારમાં પાણીની ટાંકી તેમજ સંપ બનાવવા માટેની કામગીરી પુર્ણ થતા હજુ ૬ મહીના જેટલો સમય લાગશે. ત્યારે હાલ કારમી ગરમીના દિવસોમાં શહેરી ગામોમાં પાણીની પોકાર ક્યારેક ક્યારેક ઉઠતી રહે છે. પરંતુ નવા સંપ અને ટાંકીના નિર્માણની સાથે વર્ષો જુની પાઈપલાઈનના ઠેકાણે નવી લાઈન નાંખવા માટે પણ કામ હાથ ધરાશે. જયારે આગામી ઉનાળા દરમિયાન શહેરી ગામોમાં પાણીની સમસ્યા હલ થઈ જશે તેમ પણ તંત્રના અધિકારીઓ માની રહયા છે.

## ગાંધી ૧૦૦

● ચોથા પાનાનું ચાલું

બધી વિષમતાઓને જોઈ લીધી. સામાજિક તંદુરસ્તી માટે તેમણે આખી લડત માત્ર 'ગળીનો ડાઘ' દૂર કરવા માટે જ નહીં પરંતુ સમાજજીવનના જે ડાઘ દૂર કરવાનો પણ પ્રયાસ હાથ ધર્યો.

'મોહનમાંથી મહાત્મા' પુસ્તકમાં રામનારાયણ ના. પાઠક લખે છે 'બાપુએ જોયું કે માત્ર નીલવરોનો જુલમ દૂર કરવાથી ગળીનો ડાઘ ધોવાશે નહીં. નીલવરો જાય, અંગ્રેજ સરકાર જાય, પણ જો લોકોમાં ઘર કરી બેઠેલાં બીક અને આળસ, સ્વાર્થ અને કુસંપ દૂર ન થાય તો તેઓ સ્વરાજની મીઠાશ માણી ન શકે તેમનામાં પ્રગટ ન થાય . એ પેદા કરવા માટે તો તેમને સ્વરાજની તાલીમ આપવી જોઈએ અને એ તાલીમ આપવા માટે તેમની વચ્ચે જઈને વસવું જોઈએ.'

- ગાંધીજીએ સ્વરાજની તાલીમ માટે પ્રજાની વચ્ચે જઈને વસવાનું માત્ર બિહાર કે ચંપારણમાં નહીં દેશભરમાં અમલી બનાવ્યું હતું. ચંપારણ સત્યાગ્રહ થકી ગાંધીના અજવાળે 'નીલવરોના ત્રાસના ચંપારણ છૂટકારા'ની પેદાશ સાથે ભારતે ઘણા બધા માપદંડો આડપેદાશ રૂપે સ્વીકારી લીધા. ગાંધી બાપુએ ધખાવેલી ધૂળીમાં અનેકાનેક ડૉકટર, વકીલ, શિક્ષક, સમાજસેવીઓ જોડાયા અને ભેદભાવથી ભરેલા ભારતને નવી દિશાને નવા સોપાનો તરફ દોરવામાં જોતરાયા હતા.

(લેખક સમાજશાસ્ત્રના સહ પ્રાધ્યારક છે.)

## ભાવ વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કિંમત ૭૧૨.૫ રૂપિયા થઈ ગઈ છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન જે બ્રાન્ડ ઈન્ડિયન હેઠળ એલપીજી સપ્લાય કરે છે. ઈન્ડિયન ઓઈલે અહેવાલમાં કહ્યું છે કે, અસરકારક કિંમતો અમલી કરી દેવામાં આવી છે. સબસિડીવાળા એલપીજીની કિંમત દિલ્હીમાં ૧૪.૨ કિલોગ્રામના ગેસ સિલિન્ડરની કિંમત ૪૯૩.૫૫ રૂપિયા થઈ ગઈ છે જ્યારે કોલકાતામાં આની કિંમત ૪૯૬.૬૫ રૂપિયા થઈ ગઈ છે. મુંબઈમાં આની કિંમત ૪૯૧.૩૧ રૂપિયા થઈ છે જ્યારે ચેન્નાઈમાં આની કિંમત ૪૮૧.૮૪ રૂપિયા થઈ ગઈ છે.

## ત્રાસવાદી ઘૂસ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે કે આ હુમલો હિટ એન્ડ રન પ્રકારનો હોઈ શકે છે. અત્રે નોંધનીય છે કે રમજાનના પવિત્ર મહિના દરમિયાન ભારત સરકારે ત્રાસવાદીઓ સામે ઓપરેશન ઓલઆઉટને બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદથી ત્રાસવાદી ગતિવિધીમાં સતત વધારો થયો છે. ત્રાસવાદીઓને સરહદમાં ઘુસાડી દેવા માટે પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામનો સતત ભંગ કરીને અવિરત ગોળીબાર કરવામાં આવ્યો છે. બુધવારના દિવસે સેનાની એક પેટ્રોલ પાર્ટી પર હુમલો કરવામાં આવ્યો હતો. આ સંબંધમાં બે ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં ઘુસણખોરી કરી ગયેલા ત્રાસવાદીઓ પૈકી મોટા ભાગના ત્રાસવાદીઓ જેશના હોવાના હેવાલ મળ્યા છે. સુંજવાન અને પઠાણકોટ હુમલાથી બોધપાઠ લઈને સેનાએ આ વખતે કોઈ ભુલ ન કરવાનો નિર્ણય કર્યો છે. તમામ પેટ્રોલિંગ પાર્ટી અને ચોકીઓની સાથે સાથે સેનાના મોટા સ્થળોને એલર્ટ કરી દેવામાં આવ્યા હતા.

## સબાંગ બંદર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગણવામાં આવે છે. મલક્કા જળ સમજૂતિ હિંદ મહાસાગર અને પ્રશાંત મહાસાગર વચ્ચે સૌથી મહત્વપૂર્ણ શિપિંગ લેન અને સૌથી વ્યસ્ત દરિયાઈ માર્ગ પૈકી છે. સબમરીન માટે પણ પુરતીરીતે સમક્ષ આ બંદર સુધી ભારતનું નેટવર્ક ફેલાઈ જવાથી આ વિસ્તારમાં ચીનના વધતા જતા પ્રભાવને રોકી શકાશે. ભારતે ઓમાનમાં દુકમ અને ઈરાનમાં ચાબહારને લઈને પણ નવી આશા જગાવી છે.

ચાબહારને પાકિસ્તાનના ગ્વાદર બંદરની નજીક ગણવામાં આવે છે. અહીં ચીન મોટાપાયે મૂડીરોકાણ કરી રહ્યું છે. આ બંદર નોર્થ સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોરમાં પણ આવે છે. જે ભારતને સેન્ટ્રલ એશિયા અને યુરોપ સાથે જોડે છે. આઈસલેન્ડના સેશલ્સમાં પણ ભારત ધ્યાન આપી રહ્યું છે. સેશલ્સમાં રાજકીય વિપક્ષના પરિણામ સ્વરુપે આ સમજૂતિને સુધારા કરવાની જરૂર છે. ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈન્ડોનેશિયાની યાત્રાને ખુબ ઉપયોગી ગણવામાં આવે છે. ચીનના વધતા જતા પ્રભાવને રોકવા માટે ભારતની સમજૂતિને ઉપયોગી ગણવામાં આવે છે. ઓમાનમાં પણ ભારતે હાલમાં પોતાનું પ્રભુત્વ જમાવ્યું છે.

## ચિંતામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચોંકાવનારી વાત એ છે કે વર્ષ ૨૦૧૪ લોકસભાની ચૂંટણીમાં ગોંદિયા-ભંડારામાં કોંગ્રેસ-એનસીપી ગઠબંધનને આઠ ટકા મત મળ્યા હતા. જ્યારે આ વખતે સારી ઉપસ્થિતી નોંધાવી છે. અહીં ટક્કર મુખ્ય રીતે શિવસેના, ભાજપ સાથે હતી. જો કગે નુરપુરમાં ભાજપને રાહત થઈ છે. કારણ કે અહીં ભાજપની હાર થઈ હોવા છતાં ભાજપની મત હિસ્સેદારીમાં વધારો થયો છે. વર્ષ ૨૦૧૪માં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં ભાજપે ૨૮૨ સીટ પર જીત મેળવી હતી. ગૃહમાં બહુમતિના આંકડા કરતા ૧૦ સીટો વધારે ભાજપે જીતી લીધી હતી. હવે ૨૦૧૮ની વાત કરવામાં આવે તો ગઈકાલે ચૂંટણી પરિણામ જાહેર થયે બાદ ભાજપની પાસે લોકસભામાં ૨૮૨થી ઘટીને ૨૭૩ સીટો રહી ગઈ છે.

**જાહેર હરાજી**

**ધાનેરા નગરપાલિકા જી. બનાસકાંઠા**

નગરપાલિકા ધાનેરાના સેનીટેશન શાખા, પાણી - પુરવઠા શાખા, કોમ્પ્યુટર શાખા, લાઈટ શાખા તથા અન્ય શાખાઓના બિન ઉપયોગી પરચુરણ સામાનનો જાહેર હરાજીથી નિકાલ આગામી તા. ૮/૬/૨૦૧૮ના રોજ સવારે ૯-૦૦ વાગે, સ્થળ : નગરપાલિકા ધાનેરાનું ફાયર સ્ટેશન, ધાનેરા ખાતે રાખેલ છે. જાહેર હરાજી પાત્ર વાહનોમાં ફાયર ફાઈટરનો પણ જાહેર હરાજીથી નિકાલ કરવાનો છે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ રૂ. ૫૦૦૦/- અંકે રૂ. પાંચ હજાર પુરા, ભંગાર માલ સામાન માટે તથા વાહનની જાહેર હરાજીમાં ભાગ લેવા માટે રૂ. ૧૦,૦૦૦/- અંકે રૂ. દસ હજાર પુરા ડીપોઝીટ પેટે ભરી હરાજીમાં ભાગ લઈ શકશે. હરાજી અંગેની શરતો હરાજીના દિવસે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે. હરાજી મંજુર / નામંજુર કરવા અંગેની આખરી સત્તા નગરપાલિકા ધાનેરાની રહેશે. હરાજી પાત્ર સામાન / વાહન ઓફીસ સમય દરમિયાન નગરપાલિકાના ફાયર સ્ટેશન ખાતે જોઈ શકાશે.

| | | |
|---|---|---|
| વી. બી. પરમાર | વસંતીબેન વી. ગલચર | બળવંતજી સી. બારોટ |
| મુખ્ય અધિકારી | ઉપપ્રમુખ | પ્રમુખ |
| નગરપાલિકા ધાનેરા | નગરપાલિકા ધાનેરા | નગરપાલિકા ધાનેરા |